## સુરતની શાન જેવું જ બુલેટ ટ્રેનનું રેલવે સ્ટેશન




■ સુરત ડાયમંડ સિટી છે તેને ધ્યાનમાં રાખીને અંત્રોલીના બુલેટ ટ્રેન સ્ટેશનની ડિઝાઇન કરવામાં આવી છે. જેથી અહીં ડાયમંડની થીમ જોવા મળશે.

# અંત્રોલીમાં બુલેટ ટ્રેનના સ્ટેશન પર ટ્રેકનું કામ પૂર્ણ થયું

**સ્ટેશન** ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટ પર તૈયાર કરાયું છે, જેમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી શકાશે

સુરતઃ દેશની પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં સુરતના અંત્રોલી ખાતે બની રહેલું હાઈ-સ્પીડ રેલ્વે સ્ટેશન ઝડપથી પૂર્ણતાની દિશામાં આગળ વધી રહ્યું છે. સુરત-બારડોલી રોડ પર આવેલા આ સ્ટેશનને સુરતના હીરા ઉદ્યોગને ધ્યાનમાં રાખીને 'ડાયમંડ ફેસેટ' થીમ પર ડિઝાઈન કરવામાં આવ્યું છે. તેની રૂફ અને આંતરિક ડિઝાઈન હીરાની કટિંગ જેવી ચમકદાર બનાવવામાં આવી છે, જે સુરતને આધુનિક અને આકર્ષક ઓળખ આપશે.

સ્ટેશનનો બિલ્ટ અપ એરિયા 58,352 ચોરસ મીટર છે અને તેની ઊંચાઈ 26.3 મીટર છે. ત્રણ સ્ટ્રક્ચર લેવલવાળા આ સ્ટેશનની ખાસિયત



એ છે કે તે ડાયમંડ કટ થીમ પર બન્યું છે. મલ્ટી મોડલ હબનું આ સ્ટેશન મલ્ટી કનેક્ટિવીટી આપશે. અંતરે આ સ્ટેશન બન્યું છે. મેટ્રોને સારોલીથી અંત્રોલી સુધી લંબાવવાની યોજના છે.

### શું છે અંત્રોલીના બુલેટ ટ્રેન સ્ટેશનની ખાસિયત?

- 3 લેયરની ઊંચાઈ 26.3 મીટર
- ગ્રાઉન્ડ પર પાર્કિંગ - પીકએન્ડ ડ્રોપ
- સિક્યુરિટી ચેક, લિફ્ટ અને એસ્કેલેટર
- વેઇટિંગ લાઉન્જ - રેસ્ટરૂમ
- કિઓસ્ક, ટિકિટ કાઉન્ટર
- બે આઈલેન્ડ પ્લેટફોર્મ - ચાર ટ્રેક
- 16 કોચવાળી ટ્રેનને સમાવી શકાશે

### સિટી સાથે ક્નેક્ટિવિટી

- મેટ્રો સ્ટેશનથી 280 મીટર
- બીઆરટીએસ બસ સ્ટોપથી 330 મીટર
- સુરત રેલવે સ્ટેશનથી 11 કિ.મી.
- સુરત સિટી બસ સ્ટેન્ડથી 10 કિ.મી.ના

# સુરતમાં સિઝનની સૌથી ગરમ રાત, લઘુત્તમ તાપમાન 25 ડિગ્રી

**સરેરાશ** કરતાં 4 ડિગ્રી વધુ તાપમાન નોંધાયું, અઠવાડિયા સુધી તાપમાન વધી શકે

સુરતઃ સુરત શહેરમાં આજે સિઝનની અત્યાર સુધીની સૌથી ગરમ રાત નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન 25 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા તે સામાન્ય કરતાં આશરે 4 ડિગ્રી વધુ રહ્યું હતું. આ સાથે જ આ સિઝનનું સૌથી વધુ લઘુત્તમ તાપમાન નોંધાયું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. ત્યારબાદ તાપમાન સ્થિર રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે. જેના કારણે લોકો માટે ઉકળાટભર્યું વાતાવરણ યથાવત રહી શકે છે. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આગામી સાત દિવસ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્ય સહિત દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન સુકું રહેશે. હાલમાં કોઈ સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ન હોવાથી વરસાદની કોઈ શક્યતા નથી. પાકિસ્તાન વિસ્તારમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનનો ગુજરાત પર ખાસ અસર જોવા મળવાની નથી. તેથી રાજ્યમાં તાપમાનમાં વધારો અને સુકું હવામાન જળવાઈ રહેવાની શક્યતા છે. વરસાદની ગેરહાજરી અને વધતા તાપમાનને કારણે લોકોને તાપમાનથી રાહત મળવાની શક્યતા ઓછી છે. આગામી દિવસોમાં ગરમીનો પ્રભાવ વધુ અનુભવાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# પેટ્રોલનો ડર : સુરતમાં 5 દિવસમાં 375 ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ

**ઇન્ક્વાયરી** બમણી, 80% માગ લો-સ્પીડ વાહનોમાં; વિદ્યાર્થી સબસિડી અને વેકેશને પણ વધારો કર્યો

સુરતઃ શહેરમાં પેટ્રોલ અને ડીઝલના પુરવઠા અંગે ફેલાયેલી અફવાઓએ ઓટોમોબાઈલ માર્કેટમાં અચાનક જ મોટો ફેરફાર લાવ્યો છે. પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો અને ઈંધણ અંગેની અનિશ્ચિતતા વચ્ચે સુરતીઓ હવે કાયમી વિકલ્પ તરફ વળતા જોવા મળી રહ્યા છે. આ પરિસ્થિતિનો સીધો ફાયદો ઈલેક્ટ્રિક વાહન (EV) સેક્ટરને મળ્યો છે

છેલ્લા માત્ર પાંચ દિવસમાં જ સુરતમાં કુલ 375 ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ નોંધાયું છે. શોરૂમ સંચાલકોના જણાવ્યા મુજબ, સામાન્ય દિવસોમાં જ્યાં દરરોજ 20થી 25 લોકો પૂછપરછ માટે આવતા હતા, ત્યાં હવે આ આંકડો વધીને 45થી 50 સુધી પહોંચી ગયો છે. એટલે કે EV માટેની ઈન્ક્વાયરીમાં સીધો 100 ટકાનો વધારો નોંધાયો છે.

માર્કેટના ટ્રેન્ડ મુજબ કુલ વેચાણ અને ઈન્ક્વાયરીમાં લગભગ 80 ટકા હિસ્સો 'લો-સ્પીડ' વાહનોનો છે. ખાસ કરીને નાના વેપારીઓ, ડિલિવરી બોયઝ અને ફેરીયાઓ માટે આ વાહનો આર્થિક રીતે વધુ અનુકૂળ સાબિત થઈ રહ્યા છે. હાઈ-સ્પીડ વાહનોની તુલનાએ આ વાહનો સસ્તા છે અને તેમાં આરટીઓ રજિસ્ટ્રેશન કે ડ્રાઈવિંગ લાયસન્સની જરૂર ન હોવાથી વ્યાપારી ઉપયોગ માટે વધુ લોકપ્રિય બન્યા છે.

આ સાથે જ, ધોરણ 10 અને 12ની પરીક્ષાઓ પૂર્ણ થતાં વાલીઓ પોતાના સંતાનોને ભેટરૂપે ઈલેક્ટ્રિક સ્કૂટર આપી રહ્યા છે. હાલ ચાલી રહેલા વેકેશન અને સરકાર દ્વારા આપવામાં આવતી રૂ.12,500ની સ્ટુડન્ટ સબસિડીને કારણે વિદ્યાર્થીઓમાં EV માટે ખાસ આકર્ષણ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને વિદ્યાર્થિનીઓમાં લો-સ્પીડ સ્કૂટરની માગમાં નોંધપાત્ર વધારો થયો છે.

ખર્ચના દૃષ્ટિકોણે પણ ઈલેક્ટ્રિક વાહન લોકો માટે વધુ લાભદાયક સાબિત થઈ રહ્યા છે. જ્યાં પેટ્રોલના વધતા ભાવ લોકો માટે ચિંતાનો વિષય બન્યા છે, ત્યાં EVનો પ્રતિ કિલોમીટર ખર્ચ માત્ર 15થી 20 પૈસા જેટલો રહે છે. સુરતમાં ચાર્જિંગ સ્ટેશનોની વધતી સુવિધા અને પર્યાવરણમૈત્રી અભિગમને કારણે લોકો હવે ધીમે ધીમે પેટ્રોલ વાહનોથી દૂર જઈ રહ્યા છે.

# સાવકા પિતાનું 13 વર્ષની પુત્રી સાથે વારંવાર દુષ્કર્મ

**કતારગામના** નરાધમ પિતાને પોલીસે ઝડપી લીધો

સુરતઃકતારગામ વિસ્તારમાં એક સાવકા પિતાએ પોતાની જ 13 વર્ષની દીકરી સાથે દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાએ અંતે હિંમત કરીને માતાને સઘળી હકીકત જણાવી, ત્યારબાદ પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી છે.

કતારગામ વિસ્તારના માનવ ધર્મ આશ્રમ નજીક રહેતી મહિલાએ વર્ષ 2010માં પ્રથમ પતિથી છૂટાછેડા લીધા હતા. બાદમાં વર્ષ 2012 દરમિયાન રેલવે સ્ટેશન નજીક સફાઈ કામ દરમિયાન એક યુવક સાથે ઓળખાણ થઈ હતી. બંને વચ્ચે નિકટતાં વધતા તેમણે લગ્ન કરી લીધા હતાં. લગ્ન પછી આરોપીએ મહિલાની દીકરીને પણ પોતાની સાથે સ્વીકારી લીધી હતી, પરંતુ સમય જતા તેની વૃત્તિમાં ફેરફાર આવ્યો. છેલ્લા પાંચ મહિનાના સમયગાળામાં આરોપીએ 13 વર્ષની નિર્દોષ કિશોરીની એકલતાનો લાભ લઈ તેની સાથે વારંવાર બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. સાવકા પિતાએ કિશોરીને મારી નાંખવાની ધમકી આપતા તે મૌન રહી હતી. જો કે તેણે હિંમત કરીને પોતાની માતાને સમગ્ર ઘટના જણાવી હતી.દીકરી પાસેથી આઘાતજનક હકીકત સાંભળ્યા બાદ માતાએ તરત જ કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક પગલાં લઈ આરોપી સાવકા પિતાને ઝડપી પાડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સાવકી પુત્રી ઉપર નજર બગાડવાના તેમજ તેની સાથે દુષ્કર્મ કરવાના કિસ્સા વધી રહ્યાં છે તે ગંભીર બાબત છે.

ચીખલીમાં તો બે દિવસ પહેલા સાવકા પિતાએ 12 અને 13 વર્ષની પુત્રીઓને ગર્ભવતી કરી નાંખી છે.

## જેલમાંથી છૂટીને 8 જ દિવસમાં ડ્રગ વેચવાનું શરૂ કર્યું

સુરતઃ સુરત સુરત ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે આયુર્વેદિક ગરનાળા પાસે વોચ ગોઠવી રાજસ્થાનના એક રીઢા ડ્રગ્સ પેડલરને ૨૫૦.૩૧૦ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. રાજસ્થાનના બાલોતરાનો રહેવાસી નરેન્દ્ર ઉર્ફે નરેશ પ્રહલાદરામ ડારા (બિશ્નોઈ) ડ્રગ્સનો મોટો જથ્થો લઈ સુરત રેલવે સ્ટેશન પાસે કોઈને ડિલિવરી આપવા આવનાર છે, જે બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે તેને પકડી લીધો હતો. જુલાઈ ૨૦૨૪માં તે રાજસ્થાનના સાયલા પોલીસ સ્ટેશનમાં ૪૫ ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપાયો હતો. આ ગુનામાં તે હજુ હમણાં જ એટલે કે ૧૬ માર્ચ ૨૦૨૬ ના રોજ જામીન પર જેલમાંથી બહાર આવ્યો હતો. જેલમાંથી છૂટ્યાના માત્ર ૮ જ દિવસમાં તે ફરી સુરતમાં ડ્રગ્સનું નેટવર્ક ફેલાવવા પહોંચી ગયો હતો. જો કે સુરત પોલીસે તેને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે

# કિશોરીને બીભત્સ વિડીયો બતાવનારને પાંચ વર્ષની સજા

**ભોગ** બનનાર ભાગવા જતાં આરોપી જગદીશે ધમકી આપી હતી

સુરતઃ ડિંડોલીમાં સગીર વયની કિશોરીને રુમ પર બોલાવી મોબાઇલ ફોનમા બિભત્સ વિડીયો બતાવનાર આરોપી જગદીશભાઇ નથુભાઇ પાતુરકરને પોક્સો કોર્ટે પાંચ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. ડિંડોલી પોલીસ સ્ટેશને નોંધાયેલી આ કેસની હકીકત મુજબ ફરિયાદીની દિકરી તા.૧૭/૦૭/૨૦૨૪ ના રોજ સવારના સાડા અગીયાર વાગે ટ્યુશન ક્લાસીસથી ઘરે આવી હતી ત્યારે આરોપીએ ભોગ બનનારને પૈસા આપી વિમલ મંગાવ્યું હતું. જે વિમલ આપવા ભોગ બનનાર આરોપીનાં રુમ પર ગઈ તે સમયે આરોપીએ ભોગ બનનારને પાસે બેસાડી પોતાના મોબાઈલ ફોનમા બિભત્સ વિડીઓ બતાવતા ભોગ બનનાર ગભરાઈ ગઈ હતી અને ત્યાંથી ભાગવા જતાં આરોપીએ ભોગ બનનારનો હાથ પકડી 'જો તું કોઈને આ વાત કહીશ તો હું તને માર મારીશ' તેવી ધમકી આપી હતી.

આ બનાવ અંગે ડિંડોલી પોલીસે બીએનએસ કલમ.૭૫(૧)૩, ૩૫૧(૨) તથા પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર સેક્સ્યુઅલ ઓફેન્સ એકટ સને ૨૦૧૨ ની કલમ-૯(એમ), ૧૦, ૧૨ મુજબ આરોપી જગદીશભાઈ નથુભાઈ પાતુરકર (ઉ.વ.૩૪) સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી પોક્સો કોર્ટેમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ઉમેશ પાટીલ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને પાંચ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી હતી.

# પ્રેમિકાના આપઘાતના સમાચાર સાંભળી પ્રેમીએ ફાંસો ખાધો

**સરથાણા** જકાતનાકાની ગોવિંદ પાર્ક સોસાયટીમાં બનેલી ઘટના

સુરતઃ સરથાણામાં પ્રેમિકાએ આત્મહત્યા કરી લીધી હોવાના સમાચાર સાંભળીને આઘાતમાં પડેલા પ્રેમીએ પણ આત્મહત્યા કરીને જીવ આપી દીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની નિશુ મહેશકુમાર ગૌતમ (ઉ.વ.20) હાલ સરથાણા જકાતનાકા વિસ્તારમાં આવેલા ગોવિંદ પાર્ક સોસાયટીમાં રહેતો હતો. નિશુ સ્થાનિક ફાસ્ટફૂડની દુકાનમાં નોકરી કરીને વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. મંગળવારે રાત્રે નિશુએ રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે તપાસ કરતાં પોલીસને જાણવા મળ્યું હતું કે, નિશુ કાલે વતનથી સુરત આવી રહ્યો હતો. દરમિયાન રસ્તામાં તેના મિત્રનો ફોન આવ્યો હતો અને તેની પ્રેમિકાએ વતનમાં આત્મહત્યા કરી લીધી હોવાની જાણ થઈ હતી.

## હત્યા કેસમાં હોસ્ટાઈલ વિટનેસની સજા મોકૂફ રાખતી હાઈકોર્ટ

સુરતઃ હત્યા કેસમાં સાક્ષી ફરી જતાં કોર્ટે ગંભીર નોંધ લઈ ફરી જનાર સાક્ષીને એક મહિનાની સજા કરવાનાં કેસમાં હાઈકોર્ટે આરોપીની સજા મોકૂફીના હુકમ સાથે જામીન મંજૂર કર્યા હતા. આ કેસની વિગત એવી હતી કે કતારગામ પોલીસ સ્ટેશને નોંધાયેલા કાળુ ઉર્ફે કિશન હત્યા કેસની કોર્ટ સુનાવણીમાં સાક્ષી ગૌતમ કાલુભાઈ ગોહિલ હોસ્ટાઈલ વિટનેસ જાહેર થતાં કોર્ટે ગંભીર નોંધ લઈ આ સાક્ષી સામે નોટિસ ઈસ્યુ કરી હતી. જેમાં કોર્ટે આ સાક્ષીને એક મહિનાની સજા ફટકારી હતી. આ હુકમની સામે આરોપી ગૌતમ કાલુભાઈ ગોહિલએ સજા ઉપર સ્ટેની અપીલ સાથે જામીન અરજી વકીલ ઝમીર શેખ મારફતે હાઈકોર્ટમાં કરી હતી. જે કેસ હાઈકોર્ટનાં જસ્ટીસ એસ. વી. પિન્ટોની કોર્ટમાં ચાલી જતાં આરોપીને જામીન મુક્ત કરવાનો અને સજા મોકૂફીનો હુકમ હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યો હતો.

# કિરણ હોસ્પિટલમાં નવજાત બાળકના મોત બાદ પરિજનોનો હોબાળો

**ડોક્ટરની** બેદરકારીના આક્ષેપોઃ સવારથી સાંજ ગોળ ગોળ જવાબ આપી, સાંજે બાળક નથી રહ્યું કહી દીધું

### PM રિપોર્ટ મેડિકલ બોર્ડમાં મોકલાયા બાદ કાર્યવાહી

કતારગામ પોલીસે જણાવ્યું હતું કે, પરિવારના આક્ષેપો પ્રમાણે પોસ્ટમોટર્મ કરવામાં આવ્યું છે. પોસ્ટમોટર્મ રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ સામે આવશે અને ત્યારબાદ આ રિપોર્ટને મેડિકલ બોર્ડમાં મોકલવામાં આવશે અને તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સુરતઃ શહેરની જાણીતી કિરણ હોસ્પિટલમાં ડિલિવરી સમયે નવજાત બાળકનું મોત નીપજતા પરિવારજનોએ હોસ્પિટલના ડોક્ટરો પર ગંભીર બેદરકારીના આક્ષેપ કરી ભારે હોબાળો મચાવ્યો હતો. સ્થિતિ વણસતા તાત્કાલિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, વેડરોડ વિસ્તારમાં આવેલા પ્રમુખદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા રાહુલભાઈ કાચરેલિયા રત્નકલાકાર છે. મંગળવારે સવારે તેમની પત્ની મિત્તલને ડિલિવરી માટે કિરણ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. ડિલિવરી બાદ બાળકની તબિયત નાજુક હોવા છતાં તેને સમયસર યોગ્ય સારવાર આપવામાં ન આવી હોવાનો આક્ષેપ પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે. સારવારના અભાવે નવજાત બાળકે જીવ ગુમાવ્યો હોવાની વાત ફેલાતા જ પરિવારજનો અને સંબંધીઓ રોષે ભરાયા હતા અને હોસ્પિટલમાં ભારે હોબાળો મચાવ્યો હતો. હોસ્પિટલમાં હોબાળાની જાણ થતાં જ પોલીસ દોડી આવી હતી. પોલીસે ઉશ્કેરાયેલા પરિવારજનોને સમજાવી મામલો શાંત પાડ્યો હતો. હાલ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી, નવજાત બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. પીડિત પરિવારે હોસ્પિટલના જવાબદાર ડોક્ટરો સામે કડક કાર્યવાહી કરવાની અને તેમને ન્યાય અપાવવાની માંગ કરી છે. બીજી તરફ, પોલીસે ડોક્ટરો અને હોસ્પિટલ સ્ટાફના નિવેદનો લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ મામલે કિરણ હોસ્પિટલના સંચાલકનું સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તેમની સાથે સંપર્ક થયો ન હતો.

# સેન્ટ્રલ ઝોનના પાર્કિંગમાં જ તીનપત્તીનો જુગાર રમાઈ છે

**લાલગેટ** પોલીસે દરોડો પાડીને ૫ ડ્રાઈવરને ઝડપી લીધા

સુરત : સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરીના પાર્કિંગમાં જ પાલિકાના ડ્રાઈવરોએ જુગારનો અડ્ડો જમાવ્યો હતો.સેન્ટ્રલ ઝોન કચેરીમાં જ્યાં રોજના હજારો મુલાકાતીઓ અને ઉચ્ચ અધિકારીઓની અવર-જવર હોય છે ત્યાં જ જુગાર રમાતો હોવાની બાતમી મળતા પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો. જેમાં રાજુ, નરેશ, વિમલ, સતિષ અને ધવલ નામના પાંચ ડ્રાઈવરો ઝડપાઇ ગયા હતા. તેમની પાસેથી રોકડ રકમ અને જુગારનું સાહિત્ય પણ કબજે કરવામાં આવ્યું છે. આ જુગારી તત્વોને કારણે આખી કચેરીની પ્રતિષ્ઠા ખરડાઈ રહી હતી.લાલગેટ પોલીસે તમામ પાંચેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વેસુમાં એક જૈન સંઘમાં વિવાદાસ્પદ સાધુનાં રોકાણથી દોડધામ

**વેસુ** પોલીસે વિરોધ કરનારાને સમજાવી રવાના કર્યા

સુરતઃ વેસુ વિસ્તારમા એક જૈન સંઘનાં આંગણે વિવાદાસ્પદ જૈન સાધુ આવ્યા હોવાના મેસેજ થી કેટલાક જૈન સમાજનાં લોકો ધસી જતાં વેસુ પોલીસ દોડી ગઈ હતી. અને વિરોધ કરનારા પૈકી બે-ત્રણ વ્યકિતને પોલીસ સ્ટેશને લાવી સમજાવી રવાના કરી દેવાયાં હોવાનું વેસુ પોલીસ તરફથી જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર શાસન રક્ષા માટે પડેલ હાકલ શ્રી સમસ્ત સુરત જૈન સંઘ જોગનાં નામથી સોશિયલ મીડિયામાં વિરોધ કરવા ભેગાં થવાનાં મેસેજ વહેતાં થતાં જૈન સમાજનાં લોકો વેસુનાં એક જૈન સંઘનાં ધસી ગયાં હતા. જ્યાં આવેલાં વિવાદાસ્પદ જૈન સાધુને બહાર કાઢવા માટેની બુમાબુમ કરી મુકતા અન્ય લોકો દોડી આવ્યા હતા. અને વિરોધ કરનારાને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ કોઈએ વેસુ પોલીસને જાણ કરતાં પોલીસ દોડી ગઇ હતી અને વિરોધ કરનારાને પોલીસ સ્ટેશને લાવી સમજાવી રવાના કરી દેવામાં આવ્યા હતા.

**આજે રામનવમી** મંદિરના પરિસરમાં 51 ફૂટ ઊંચો પંચધાતુનો 'વિશ્વશાંતિ રામ સ્તંભ' બનાવવામાં આવ્યો છે

# મૂર્તિ કે તસવીર વગરનું સુરતનું રામ મંદિર

**અડાજણમાં** આવેલા સુરતના આ મંદિરમાં રામનામ મંત્રોની પૂજા કરવામાં આવે છે

**મંદિરમાં** ભક્તોના હાથે લખાયેલી 1300 કરોડથી વધુ રામનામ મંત્રોની પુસ્તિકા, 2100 કરોડનો લક્ષ્યાંક



સુરતઃ કહેવાય છે ને કે માત્ર રામ નામનું સ્મરણ જ જીવનની આધિ-વ્યાધિઓને દૂર કરી દે છે. જીવનની શરૂઆત અને જીવનનો અંત પણ આ રામ નામથી જ થતો હોય છે. શ્રી રામજીની મૂર્તિ કે તસવીરોથી રામજીના દર્શન થવાનો અનુભવ કરી શકીએ છીએ પરંતુ માત્ર રામ નામની ભક્તિનો પણ અનેરો આનંદ છે. સુરતનું એક મંદિર જ્યાં શ્રીરામજીની પ્રતિમા કે તસવીર નથી પરંતુ ભક્તો દ્વારા લખાયેલા રામનામ મંત્રોની પૂજા કરવામાં આવે છે. સુરતના અડાજણ વિસ્તારમાં આવેલું આ શ્રી રામનામ મંદિર તેની અનોખી વિશેષતા માટે સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે.

સતત રામ... રામ.... રામ... નો જાપ કરતાં પરમ ભક્ત હનુમાન દાદાનું પણ નામ લેવામાં આવે તો કહેવાય છે તે પહેલા તેમના પ્રભુ શ્રી રામનું નામ લો. અડાજણ-પાલ રોડ પર કેબલ બ્રિજ પાસે, સ્ટાર બજાર સામે આવેલા આ શ્રી રામનામ મંદિરમાં ભક્તોએ પોતાના હાથે લખેલા અબજો રામનામ મંત્રોવાળી લાખો પુસ્તિકાઓ સ્થાપિત કરી છે. એક અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં અહીં 1300 કરોડથી વધુ રામનામ મંત્રો સ્થાપિત થઈ ચૂક્યા છે અને ભવિષ્યમાં 2100 કરોડ મંત્રોનો લક્ષ્યાંક છે.

વિશ્વશાંતિ અને આધ્યાત્મિક ઉર્જાના હેતુથી નિર્માણ કરાયેલા આ મંદિરના પરિસરમાં મધ્યમાં 51 ફૂટ ઊંચો પંચધાતુનો 'વિશ્વશાંતિ રામ સ્તંભ' બનાવવામાં આવ્યો છે. આ સ્તંભ તૈયાર કરવા માટે કેરળના કારીગરો બોલાવવામાં આવ્યા હતા અને તેના માટે લોકો પાસેથી ધાતુ ઉઘરાવવામાં આવી હતી. લંકાનો સાગર પાર કરવા માટે વાનર સેનાએ પથ્થરો પર 'રામ' લખીને 'રામસેતુ' બનાવી દશાનંદને હરાવી વિજય પ્રાપ્ત કર્યો હતો. ત્યારે આ મંદિર સવારે 6 વાગ્યેથી ખુલતા જ ભક્તો રામ મંત્ર લખવા આવી ચઢતા હોય છે, અને જો તમારી પાસે પેન ન હોય તો મંદિરમાંથી પેન, નોટ પણ આપવામાં આવે છે. રાતના 8 વાગ્યે સુધી ખુલ્લા રહેતા આ રામનામ મંદિરમાં છેક સુધી ભક્તો રામ મંત્ર લખતા દેખાઈ છે. એટલે જ તો કહેવાય છે કે દુનિયામાં સૌથી મીઠું છે, એક રામનું નામ.

## સંક્ષિપ્ત સમાચાર

### ડુમસ રોડના દત્ત મંદિર-રામનગરના ગુરુદેવ અવધુત આશ્રમ ખાતે આજે રામનવમી ઉજવાશે

સુરતઃ ડુમસ રોડ પર મગદલ્લા ચાર રસ્તે લા-મેરેડિયન હોટલની પાસે આવેલા દત્તમંદિર ખાતે આવતીકાલે ગુરૂવારે રામનવમીના અવસરે સવારે 10 કલાકથી રામદરબારનો અભિષેક,શૃંગાર અને પૂજનનોકાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ઉપરાંત રાંદેર રોડ, રામનગરના શ્રી ગુરુદેવ અવધૂત આશ્રમ ખાતે પણ આવતીકાલે રામનવમી નિમિત્તે સવારે ૧૧ ક. 50 મિ.થી શ્રીરામ પ્રાગટ્ય મહોત્સવ તેમજ યોગીરાજ અવધૂત સમર્થશ્રી ગજાનન મહારાજનો અને સમર્થ બ્રહ્માવધૂત શ્રી વિશ્વનાથ મહારાજ ની ચરણ પાદુકાનો પુરુષ સૂક્તથી મહામંગલાભિષેક, પાદુકાપૂજન, આરતી, પ્રસાદ વિગેરેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

### ઓરો યુનિ. દ્વારા નેશનલ હેકાથોન-2026નું ભવ્ય આયોજન કરાયું

સુરતઃ ઓરો યુનિ. દ્વારા તેની સ્કૂલ ઓફ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના માધ્યમથી આઈબીએમ સાથે સંયુક્ત રીતે નેશનલ હેકાથોન 2026નું સફળ આયોજન કરવામાં આવ્યું. 24 કલાક ચાલેલા હેકાથોનમાં કુલ 77 ટીમો અને 226 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. મૂલ્યાંકન પ્રક્રિયા આઈબીએમના નિષ્ણાંતો તથા પ્રતિષ્ઠિત આઇટી ઉદ્યોગના વ્યાવસાયિકો દ્વારા કરવામાં આવી હતી. દિવસ-2ના વેલેડિક્ટરી સત્ર સાથે હેકાથોનનું સફળ સમાપન થયું, જેમાં 23 ટીમોને વિવિધ કેટેગરીઝમાં "બેસ્ટ ટીમ" તરીકે સન્માનિત કરવામાં આવી. મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે મહિલા ભાગીદારો માટે વિશેષ એવોર્ડ પણ આપવામાં આવ્યો.

### લુથરા ઈન્સ્ટિ. ઓફ મેનેજમેન્ટના આસિ. પ્રોફેસર આશિષ પાટીલ પીએચ.ડી. થયા

સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત અને સાર્વજનિક યુનિવર્સિટીની ઘટક સંસ્થા એસ. આર. લુથરા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પાટીલ આશિષકુમાર જ્ઞાનેશ્વરભાઈ એ રજુ કરેલા મેનેજમેન્ટ વિષયના મહાશોધ નિબંધ ''An Empirical Investigation of Investors' Investment Intentions in Mutual Fund An Application of Behavioral Finance Approach'' ને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત એ પીએચ. ડી. ડિગ્રી એનાયત માટે માન્યતા આપી છે. તેમણે આ રિસર્ચ G. H. Bhakta Management Academy, DBIM ના આસિસ્ટન્ટ પ્રોફેસર, ડો. નમ્રતા ખત્રી ના માર્ગદર્શન હેઠળ પૂરું કર્યું.

### શ્રી ગુરુકૃપા વિદ્યા સંકુલ દ્વારા ધો.10-12ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો




સુરતઃ શહેરની નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી ગુરુકૃપા વિદ્યા સંકુલ દ્વારા ધોરણ 10 અને 12 (A1 અને A2 બેચ) ના 59 વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન મુકેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, 'હું દરેક વિદ્યાર્થીને મારા સંતાન સમાન ગણું છું. મારી સૌથી મોટી ઈચ્છા મારા બાળકો જીવનના દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેવી છે. તમે જ્યારે શાળાના ઉંબરેથી બહાર ડગ માંડો છો, ત્યારે અહીંના સંસ્કારો સાથે રાખજો; તમારી સફળતા માટે અમે હંમેશા પ્રાર્થના કરીશું. શાળા દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને ડિજિટલ યુગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમને લેપટોપ અને ટેબ્લેટ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સાંસ્કૃતિક નૃત્યો, સંગીત અને મનોરંજક પ્રવૃત્તિઓએ રંગ જમાવ્યો હતો.